નીતીન પટેલના આક્ષેપો ગંદી રાજનીતીનો ભાગ છે : કામત

કાર્યકરો સાથે બેઠકમાં પક્ષના સંગઠન અને વિધાનસભાની ચૂંટણીને લઈને ચર્ચા થઈ હોવાની સ્પષ્ટતા કરવામાં આવી

અમદાવાદ, તા.૧૨

રાજય સરકારના મંત્રી નિતીન પટેલ દ્વારા કરવામાં આવેલા નિવેદનનું ખંડન કરતાં ૪૫ વર્ષથી જાહેરજીવનમાં કાર્યરત અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત જણાવ્યું હતું કે, તા. ૧૧-૭-૨૦૧૬ના રોજ સવારે ૧૦થી સાંજના ૮ વાગ્યા સુધી સમગ્ર રાજ્યમાંથી કાર્યકરો-આગેવાનો-ચૂંટાયેલા પ્રતિનિધીઓ પક્ષના સંગઠન માટે વાતચીત કરી હતી.

સમગ્ર વાતચીતમાં પક્ષના કાર્યક્રમો, સંગઠને લગતાં સુચનો આગામી સમયમાં વિધાનસભાને ધ્યાનમાં લઈને જે કોઈ બાબતો રજુ થઈ હતી. મંત્રી નિતિનભાઈ પટેલે દ્વારા કરવામાં આવેલા જુઠ્ઠા આરોપો માત્રને માત્ર ગંદી રાજનીતીનો ભાગ છે. તાજેતરમાં ૨૩ જિલ્લા પંચાયત અને ૧૪૦થી વધુ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો અને ભાજપનો કારમો પરાજય થયો દેશના વડાપ્રધાન રાજયના મુખ્યમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના જન્મસ્થળના જિલ્લાઓમાં ભાજપનો સફાયો થયો મંત્રી નીતીન પટેલના વિધાનસભા ક્ષેત્રમાં, જિલ્લામાં તાલુકામાં અને નગરપાલિકામાં ભાજપનો સફાયો થયો. મંત્રી નિતીન પટેલના વિધાનસભા ક્ષેત્રમાં જિલ્લામાં, તાલુકામાં અને નગરપાલિકામાં ભાજપનો કારમો પરાજય થયો ત્યારે જે બાબતની કોઈ તથ્યતા નથી તેવી વાત ઉભી કરીને મંત્રી નીતીન પટેલ જુઠ્ઠા આરોપ, ગંદી રાજનીતી નિમ્ન કક્ષાની રાજનિતી દ્વારા ગુમાવેલ જનસમર્થન પાછું મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે પણ તેમાં તેઓ અને ભાજપ સફળ થશે નહીં. રાજ્યના મંત્રી નીતીન પટેલ નિમ્ન કક્ષાની રાજનીતી કરીને જનસમર્થન મેળવવાના નિષ્ફળ પ્રયાસો કરવાને બદલે રાજયના યુવાનો સાથે અને ખાસ કરીને પાટીદાર સમાજના યુવાનો પર કરેલ પોલીસદમન, ખોટા પોલીસ કેસો, ખોટી રીતે જેલમાં પુરાવા, રાજદ્રોહ જેવા ગંભીર ગુનાઓ દાખલ કરવા નિર્દોષ પાટીદાર યુવાનોના મોત અંગે અને પોલીસના અત્યાચારથી બેરહમીથી બેરહમીથી ઘાયલ થયેલ ભાઈ-બહેનો અંગે ગુજરાતના નાગરિકોને અને ખાસ કરીને પાટીદાર સમાજને સત્ય જણાવે.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

ચોમાસામાં ગાંધીનગર કોઈ ષોડશી સમ બેહદ-બેહદ ખુબસુરત થઈ જાય છે. અહીંના ભીના-ભીના માગી કોઈ લાવણ્યમયીના ભીના વાન જેવા ભાસે છે..! મંત્રમુગ્ધ કરી મૂકનારી આ મોસમમાં આ નગર પ્રિયતમાના પાલવમાં હોવાનો અહેસાસ આપે છે..! જલબિન્દુઓથી લચીને વધુ વિનમ્ર થયેલા વૃક્ષો પ્રગાઢ પ્રેમમાં ચક્ચુર પ્રિયતમ સા ભાસે છે..! આ દિવસોમાં અહીંના ઘાસ - પાનની મોહક મહેક કોઈનેય મદહોશ કરી મુકવા સમર્થ છે...! આ ભીની મોસમમાં ભીંજાયેલા મન-હૃદયમાં આ ગીત અનાયાસ જ વાગવા માંડશે - "પ્યાર કી , પ્રિત કી, યું હી બરસાત રહે... તેરા મેરા પ્યાર રહે...તેરા મેરા પ્યાર રહે ..."

શણગાલ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસનો વિજય

મેઘરજ, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ૨૫-શણગાલ જિલ્લા પંચાયત બેઠકની પેટા ચૂંટણી ગત રવિવારના રોજ યોજવામાં આવી હતી અને આ ચૂંટણીનું પરિણામ મંગળવારના રોજ મેઘરજ મામલતદાર કચેરી ખાતે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસનો ૪૨૯૩ મતોની લીડથી વીજય થયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ શણગાલ-૨૫ આદિજાતી જિલ્લા પંચાયત બેઠકના ચાલુ ટર્મના જિલ્લા સદસ્યનું અવસાન થતાં આ પેટા ચૂંટણી ગત ૧૦ જુલાઈના રોજ કુલ ૩૬ મતદાન મથકો પર યોજવામાં આવી હતી અને ચૂંટણી પૂર્ણ થયા બાદ ઈ.વી.એમ. મશીનો સીલબંધ પોલીસ બંદોબસ્ત સાથે મામલતદાર કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા અને આ ચૂંટણીની મતગણતરી મંગળવારના રોજ સવારે ૯ કલાકે ચૂંટણી અધિકારી એ.જે. આચાર્ય, મેઘરજ મામલતદાર આર.કે. ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં હાથ ધરવામાં આવી હતી. ઈ.વી.એમ. મશીનમાંથી કુલ ૧૨૮૩૧ મત નીકળ્યા હતા. જેમાં કોંગ્રેસના ઉમેદવાર અસારી જયંતિલાલ વાલજીભાઈને ૮૪૫૧ જ્યારે ભાજપના ઉમેદવાર પ્રવિણભાઈ કબાભાઈ મેણાતને ૪૧૫૮ તેમજ નોટામાં ૨૨૨ મત નીકળ્યા હતા. જેમાં કોંગ્રેસના ઉમેદવાર અસારી જયંતિલાલ વાલજીભાઈનો ૪૨૯૩ મતોની લીડથી વીજય થયો હતો. આ ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસના કાર્યકરો તથા અગ્રણીઓ જતિનભાઈ પંડ્યા, બી.ડી. રાઠોડ, લાલુ આંબલીયા, મણીલાલ પાંડોર, નવલસિંહ બિહોલા, સુમિત્રાબેન ડામોર, દેવાભાઈ વણઝારા, રૂપલબેન પંડ્યા તેમજ કાર્યકરોની વિશેષ ઉપસ્થિતિમાં મેઘરજ નગરમાં કોંગ્રેસ દ્વારા વીજયી સરઘસ કાઢવામાં આવ્યું હતું.

ડીસા રેલ્વે સ્ટેશન રોડ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય

ડીસા શહેરમાં પાટણ હાઈવે ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન તરફ જતા રોડ નવિનીકરણ કરવાનું કામકાજ શરૂ કરાયું હતું. જેમાં રોડ વચ્ચેનું ડીવાઈડર બનાવાને પણ ઘણા દિવસો વિતી ગયા છે. પરંતુ હજુ સુધી રોડનું કામ શરૂ કરાયુ નથી જેના કારણે ચોમાસાની ઋતુમાં આ રોડ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાયુ છે. વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાનીમાં મુકાઈ ગયા છે. રેલ્વે સ્ટેશન જતા રોડને નવો બનાવવાનું પાલિકા દ્વારા આયોજન હતું જેમાં ડીવાઈડરનું કામકાજ પણ ઘણા દિવસોથી પૂર્ણ થઈ ગયું છે પરંતુ રોડનું કામકાજ હજુ સુધી શરૂ કરવામાં આવ્યું નથી. ડીવાઈડરના કામકાજ વખતે રોડમાં પડેલા ખાડા અને માટીના ઢગલા યથાવત પડયા છે જેના કારણે અત્યારે વરસાદી માહોલ વચ્ચે કાદવ કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયુ છે. જેમાં રિક્ષા અને બાઈકો જેવા નાના વાહનો ફસાઈ જાય છે અહીં જીઆઈડીસીમાં આવતા જતા ભારે વાહનોનો સતત ઘસારો રહે છે જયારે દુવા તરફ જતા વાહનો પણ સતત અવર-જવર કરે છે અને આ વિસ્તારની સોસાયટીઓ અને રેલ્વેના મુસાફરોની પણ અવર-જવર રહે છે પરંતુ રસ્તાની રામાયણના કારણે વાહન ચાલકો તેમજ રાહદારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

બાયડમાં વરસાદ વચ્ચે દબાણો જમીનદોસ્ત કરાયા

બાયડ, તા. ૧૨

બાયડ શહેરમાં દિવસે દિવસે ટ્રાફીક સમસ્યા વધતી જાય છે અને પ્રજા ટ્રાફીક સમસ્યાને કારણે ભોળી પ્રજા ટ્રાફીકમાં પીસાતી જાય છે. ગત તા. ૧૨-૭-૧૭ના રોજ સવારના ૯.૦૦ કલાકના સુમારે બસસ્ટેન્ડથી દબાણો હટાવવાનું આરએન્ડબી ડિપાર્ટમેન્ટ અને નગરપાલિકા દ્વારા દબાણો હટાવવામાં આવ્યા હતા.

બાયડ બસસ્ટેન્ડની બહારની બાજુમાં ખુલ્લી જગ્યા પર ૧૦ ટકાથી ૨૦ટકા પઠાણી વ્યાજખોરોનો ધંધો ચાલી રહ્યો છે. અને ત્યાં લારી ગલ્લાવાળા જોડેથી સરકારી જગ્યાનું ભાડુ વસુલતા હોવાનું લોકવર્તુળ દ્વારા જાણવા મળ્યું છે.

હજુ કેટલાક દબાણો ગાબટ રોડ, બાયડ ગામ તરફ જવાના રસ્તા ઉપર, મામલતદાર કચેરી સામે ગેરકાયદેસર દુકાનો અને ચોઈલા રોડ ઉપર દબાણો ક્યારે હટશે ? બાયડ શહેરમાં નવીન નિર્માણ પામેલ શ્રીજીદાદા કોમ્પલેક્ષનો ઢાળ ઉપર બ્લોક ગોઠવણી કરવામાં આવી હતી તે પણ દબાણને કારણે બ્લોક પણ ઉખાડી નાખ્યા હતા. શહેરમાં અનેક જગ્યાએ દબાણખોરો મનફાવે ત્યાં દબાણો ખડકી બેઠા છે તે દબાણખોરો જ્યારે આરએન્ડબી ડિપાર્ટમેન્ટ દ્વારા દબાણ હટાવવાનું કામ હાથ ધરાયુ તો આપોઆપ દબાણ હટાવી દીધા હતા.

બાયડ બસસ્ટેન્ડની બહારની બાજુની ખુલ્લી જગ્યા સરકારની હોય તેમ છતાં વ્યાજખોરો ભાડુ વસુલતા હોવાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે. ગરીબ પરિવારો પોતાનું અને પરિવારનું પેટીયુ રળવા માટે લારી પાથરણા લઈને ધંધો કરે છે તે લોકો પાસે ગેરકાયદેસર રીતે ભાડુ વસુલે છે.

વિસ્ફોટક સ્થિતિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આજે સ્થિતી સંપૂર્ણપણે કાબુમાં છે. મોતના આંકડાને લઈને વિરોધભાષની સ્થિતિ જોવા મળી રહી છે. એકબાજુ મોતનો આંકડો સત્તાવારરીતે ૨૪ દર્શાવવામાં આવી રહ્યો છે જ્યારે ઈજાગ્રસ્તોનો આંકડો સેંકડોમાં દર્શાવવામાં આવી રહ્યો છે. એક ઘાયલ થયેલા યુવાને હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો. અદીલ અહેમદ નામનો આ શખ્સ બીજબહેરા ખાતે ગોળીબારના બનાવમાં ઘાયલ થયો હતો. ગઈકાલે મોડીરાત્રે તેનું એસએમએચએસ હોસ્પિટલમાં મોત થયું હતું. અથડામણમાં ૩૫૦થી વધુ લોકોઘાયલ થઈ ચુક્યા છેજેપૈકી ૧૧૫ સુરક્ષા જવાનો છે. હિઝબુલના ત્રાસવાદીના મોત બાદ હિંસા ચાલી રહી હતી. ખીણમાં સ્થિતિ વિસ્ફોટક બનેલી છે. વાનીના મોતના વિરોધમાં ચોથા દિવસે પણ દેખાવો જારી રહ્યા હતા.

પુરની પરિસ્થિતિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. એકલા જોરહાટ જિલ્લામાં ૫૦૦૦૦ લોકોને અસર થઈ છે. મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે પુરની સ્થિતિ ઉપર ચર્ચા કરી છે. ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ૧.૩૫ લાખ લોકોને માઠી અસર થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ આસામમાં હવે પુરની સ્થિતી વધારે વણસી ગઈ છે. અનેક નવા વિસ્તારો પણ પુરના સકંજામાં આવી ગયા છે. આસામના મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલે અસરગ્રસ્ત વિસ્તારોમાં જવા માટે ચીફ સેક્રેટરી અને સિનિસર ઓફિસરને આદેશ કર્યો છે. ઉપરાંત અસરગ્રસ્ત લોકોને તમામ સહાય આપવા માટે કહેવામાં આવ્યુ છે. ત્રણ જિલ્લામાં ૨૩ રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

આગાહી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મળેલા અહેવાલોમુજબ આજે તા. ૧૨-૦૭-૨૦૧૬નેસવારે ૭-૦૦ કલાકેપુરા થતાં ચોવીસ કલાક દરમિયાન સિદ્ધપુર તાલુકામાં ૭૭મીમી., પાલનપુરમાં ૭૨ મી.મી. જેતપુર પાવીમાં ૮૨ મી.મી. કવાંટમાં ૮૭મી.મી., ગોધરામાં ૮૦ મી.મી. હાલોલમાં ૭૬ મી.મી. જાંબુઘોડામાં ૮૩મી.મી. શહેરામાં ૮૮ મી.મી., વઘઈમાં ૮૮ મી.મી. ૯૮ મી.મી. મળી કુલ ૧૧ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજયના ચાણસ્મા, અમીરગઢ, દીયોદર, ઉઝા, વિસનગર, ઈડર, પ્રાંતિજ, તલોદ, માલપુર, મેઘરજ, દહેગામ, માણસા, કપડવંજ, કઠલાલ, વસો, ઉમરેઠ, કાલોલ, સંતરામપુર, વિરપુર, દાહોદ, ફતેપુરા, ઝાલોદ, સંજેલી, ખેરગામ, ધરમપુર, ઉમરગામ મળી કુલ ૨૬ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૨૫ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

ધીમી ધારે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિસ્તારોમાં વાવણીકાર્ય શરૂ જ થયુ ન હતુ તે ગઈકાલે શરૂ થયેલા સારા વરસાદ બાદ શરૂ કરાયું છે. આજે આખો દિવસ ખેડૂતો અને ખેત મજૂરો વાવણીકાર્યમાં જોતરાયા હતા. જ્યારે નગરજનોએ ગોટા, ભજીયા, દોળવડાની જયાફત ઉડાવી વરસાદને ભરપુર માણ્યો હતો. યુવાનોએ બાગ-બગીચાઓમાં અને હરવા ફરવાના સ્થળોએ પહોંચી જઈ ભીંજાવાની મજા માણી હતી.

સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન લગભગ એક સમાન થઈ ગયુ છે. આજે મહત્તમ તાપમાન ૨૭.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનુંપ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૧૦૦ ટકા રહ્યુ હતુ. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન થયેલા વરસાદના આંકડાઓ તપાસીએ તો ગઈકાલે સાંજે ૫ થી આજે સવારે ૮ વાગ્યા સુધી ૨૦મી.મી. અને સવારે ૮ થી આજે સાંજે ૫ વાગ્યા સુધી ૧૦ મી.મી. વરસાદ થતાં ૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે સીઝનનો કુલ વરસાદ ૧૩૯ મી.મી. નોંધાયો છે.

ભાજપ વિજયી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આજે સવારે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતગણતરીનો પ્રારંભ જિલ્લા કલેક્ટર સતીષ પટેલના માર્ગદર્શન નીચે થયો હતો અને એક જ કલાકમાં બન્ને બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા હતા.

ભાજપે બન્ને બેઠકો પરના વિજયને વધાવતાં મતદારોનો આભાર માન્યો હતો. ભાજપના સમર્થકોએ મતગણતરી કેન્દ્રની બહાર "ભારત માતા કી જય"ના જયઘોષ કરી વિજેતાઓને વધાવ્યા હતા.

માફી માગે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને ત્યાર બાદ આ કેસની તપાસ તા. ૨૭-૩-૨૦૧૫થી સી.આઈ.ડી. ક્રાઈમ કરી રહેલ છે. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા તા. ૩-૭-૨૦૧૫ના રોજ રદ કરવામાં આવેલ છે. સદર ગુનામાં આજદિન સુધીની જે તપાસ થયેલ છે તે પછી તા. ૩૦-૬-૨૦૧૬ના રોજ એટલે કે તમારી ધરપકડ થયાના લગભગ ૨/૫ વર્ષપછી તમારા મળતીયા સાથે ભેગા મળી ગુનાહીત કાવતરૂ રચી અમારા અસીલની સામે બેબુનિયાદ અને ઉપજાવી કાઢેલ આક્ષેપો કરી કોઈ અગમ્ય કારણોસર અમારા અસીલ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની નિશ્કલંક પ્રતિભા અનેપ્રતિષ્ઠાનેહાની પહોંચેઅને અમારા અસીલને જાહેર જીવનમાં અપમાનજનક સ્થિતિમાં મુકવા સારૂ તમે અનેતમારા મળતીયાઓએ પ્લાન કરી ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૨૦(બી), ૪૯૯ અને ૫૦૦ મુજબ ગુનો કરેલ છે.

મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસતી દિનની ઉજવણી

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જીઆઈડીસી હોલ ખાતે વિશ્વ વસતી દિનની ઉજવણી કરવામાં આવી હતી. વસતી વધારો વિશ્વની ગંભીર સમસ્યા છે. આ સમસ્યામાં સ્થિરતા લાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૧૧ જુલાઈના રોજ વિશ્વ વસતી દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સરકારે ૧૧ જુલાઈથી ૨૪ જુલાઈ દરમિયાન સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયાની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. સરકાર દ્વારા આ વર્ષે વસતી દિન 'જવાબદારી નિભાવો, પ્લાન બનાવો' ના સુત્ર સાથે ઉજવવાનું નક્કી કરેલ છે.

વિશ્વ વસતી દિનની ઉજવણીના આંકડા પર નજર નાખીએ તો આઝાદી સમયે ભારતની વસતી ૩૩ કરોડ હતી જેમાં ચાર ગણો વધારો થઈ ૧૬.૮ ટકાના વધારા સાથે આજે એક અબજ એકવીસ કરોડ જેટલી થઈ છે. ચીન પછી બીજા નંબરે ભારતમાં વસતી વધારો થઈ રહ્યો છે. ૨૦૧૬ના અંત સુધીમાં ભારતની વસતી ૧૨૬૩ મિલીયન થવાનો અંદાજ છે.

તેવી જ રીતે રાજયમાં આઝાદી સમયે વસતી એક કરોડ બાસઠ લાખ હતી જે વધીને આજે ૬ કરોડ ૩ લાખ જેટલી થઈ છે. રાજ્યમાં વસતી વિસ્ફોટનો ગ્રોથ ૧૯.૧૭ ટકા થયો છે. મહેસાણા જિલ્લામાં જનસંખ્યા ૨૦,૩૫,૦૬૪ને આંબી ગઈ છે. ૨૦૧૧ના જનગણના આંકડાના અહેવાલ પ્રમાણે જિલ્લામાં વસતી વિસ્ફોટ દર ઘટ્યો છે પરંતુ માનવ ગીચતા વધી છે.

વસતી દિન ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે વિશ્વ વસતી દિનની ઉજવણીને આત્મસાત કરી આપણે સૌ સાર્થક કરીએ. સમાજ અને સરકાર સાથે મળીને આ સમસ્યાના નિવારણ માટે એક જુટ થઈ રાષ્ટ્રને ગૌરવ અપાવીએ. સાંસદે જણાવ્યું હતું કે વધુ વસતીને કારણે જમીન વહેંચણીમાં અસમાનતા, શહેરીકરણ, સ્થળાંતર, ગુનાખોરી, ગરીબાઈ, ચેપીરોગો, નિરાધારપણા જેવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.